લોકભારતી, સણોસરા

સાયં પ્રાર્થના

(1)

ईशावास्यं इदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुंज्जीथाः मा गृधः कस्यस्विद् धनम् ॥

हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन्न अपावृणु सत्य धर्माय दृष्टये ॥

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

નથી મને કામના રાજ્યની વા,ના સ્વર્ગની, ના ભવ છૂટવાની;
છે કામના એ બસ હું ખપું સૌ,પીડાર્ત કેરાં દુ:ખ ટાળવામાં.

દ્વારકે વસનાર ઓ ! ગોધનપાલક કા'ન !કૌરવ લૂંટે લાજ, હાં ! ધા મારી ધર કાન !
કરેલાં કર્મને લેખે જ્યાં જ્યાં જન્મ મળે મને,ભક્તિ મારી સદા નાથ ! તારામાં દૃઢ ત્યાં હજો !

જેના રદિયામાં વસ્યા, રાધાવર ઘનશ્યામ;એનો જય છે સર્વદા, એને લાભ તમામ.
રોટીને વસ્ત્રની ચિંતા, ઠાલી ભક્તજનો કરે;વિશ્વને પોષનારો શું ભૂખ્યાં રાખે સ્વભક્તને ?

મેઘોથી પડતું પાણી, જેમ સાગરમાં વહે;
પ્રણામો સર્વ દેવોને,પહોંચે જે વિશ્વનાથને.

દયાવાનને કરું પ્રણામ, કૃપાવાનને કરું પ્રણામ.
વિશ્વ સકલનો માલિક તું, અંતિમ દિનનો ચાલક તું.
તારી ભક્તિ કરું સદા, તવ અવલંબન રહો સદા.

આ છે છેલ્લી યાચના આપ પાસે,
મારા ઊંડા છેક અંત:સ્તલેથી;
છેદી નાંખો ક્ષીણતા સર્વ મારી,
પૂરા જોરે ખડગ ઝીંકી પ્રભુજી !

કંગાલોને માનહીણા કરું ના,
જાલિમોને પાય ઝૂકી પડું ના,
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે,
ચાલું એવી શક્તિ આપો પ્રભુજી !

કરું બંદગી રહમાનની, કરું બંદગી રહીમની,
દુનિયા સકલ નો માલિક તું, કયામત દિનનો ચાલક તું.
તારી ખિદમત કરું સદા, તવ અવલંબન રહો સદા.

દયાવાનને કરું પ્રણામ, કૃપાવાનને કરું પ્રણામ.
વિશ્વ સકલનો માલિક તું, અંતિમ દિનનો ચાલક તું.
તારી ભક્તિ કરું સદા, તવ અવલંબન રહો સદા.

(2)

## हर शुक्रवार को धून के बदले

## सर्वधर्म प्रार्थना

ॐ तत्सत् श्री नारायण तू, पुरुषोत्तम गुरु तू;
सिद्ध-बुद्ध तू, स्कंद विनायक, सविता पावक तू.
ब्रह्म मज्द तू, यहव शक्ति तू, ईशु पिता, प्रभु तू;
रुद्र-विष्णु तू, रामकृष्ण तू, रहीम ताओ तू.
वासुदेव गो-विश्वरूप तू, चिदानंद हरि तू,
अद्वितीय तू, अकाल निर्भय, आत्मलिंग शिव तू.
ॐ तत्सत् श्री नारायण तू, पुरुषोत्तम गुरु तू.

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યાં, સૂર્યાગ્નિ વા વાદળાં;
જેનો મંત્ર પુરાણ, શાસ્ત્ર, વચનો ગાયે ઋષિ વ્યાકુળા,
યોગી ધ્યાન ધરી જ સંયમ કરી, જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઈએ લઈ શક્યાં, તે દેવને વંદના.

## -: સ્થિતપ્રજ્ઞ દર્શન :-

(શ્રીમદ્ભગવદ્ગીતા અધ્યાય બીજો, શ્લોક ૫૪થી ૭૨)

શ્રી અર્જુન બોલ્યા :
સમાધિમાં સ્થિતપ્રજ્ઞ, જાણવો કેમ કેશવ ? બોલે, રહે, ફરે કેમ, મુનિ જે સ્થિર બુદ્ધિનો
શ્રી ભગવાન બોલ્યા :
મનની કામના સર્વે છોડીને આત્મમાં જ જે, રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.
દુ:ખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ, ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો.
આસક્ત નહીં જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ, ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી, સંકેલે ઇન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
નિરાહારી શરીરીના, ટળે છે વિષયો છતાં, રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં.
પ્રયત્નમાં રહે તોયે શાણાયે નરના હરે, મન ને ઇન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી.
યોગથી તે વશે રાખી, રહેવું મત્પરાયણ, ઇન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસક્તિ ઊપજે, જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે.
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે, સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.
રાગ ને દ્વેષ છૂટેલી ઇન્દ્રિયે વિષયો ગ્રહે, વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા.
પામ્યો પ્રસન્નતા તેનાં દુ:ખો સહુ નાશ પામતાં, પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર.
અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના, ન ભાવહીનને શાંતિ સુખ ક્યાંથી અશાંતને ?
ઇન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન, દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે.
તેથી જેણે બધી રીતે રક્ષેલી વિષયો થકી, ઇન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.
નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી, જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.
સદા ભરાતાં અચલ પ્રતિષ્ઠ, સમુદ્રમાં નીર બધાં પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ, તે શાંતિ પામે નહીં કામકામી.
છોડીને કામના સર્વે, ફરે જે નર નિ:સ્પૃહ, અહંતા-મમતા મૂકી, તે પામે શાંતિ, ભારત.
આ છે બ્રહ્મદશા એને પામ્યે ના મોહમાં પડે, અંતકાળેય તે રાખી બ્રહ્મ નિર્વાણ મેળવે.